

જ્ઞાનની અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભુલાવી દે છે. અહો! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઊતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ (દૃષ્ટિનાં નિધાન)

કહાન સંવત-૮ □ (૫૩૭) ❋ આત્મધર્મ ❋ (અંક-૧ વર્ષ-૪૫) □ વીર સં. ૨૫૧૪ જુલાઈ, ૧૯૮૮

કહાન સંવત-૮
વર્ષ-૪૫
અંક-૧
[ ૫૩૭ ]

વીર સંવત ૨૫૧૪
સં. ૨૦૪૪
JULY
A. D. 1988




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ▣ અંતરમાં પરમાત્માની શોધ કર ▣

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૧૩ )

શ્રી પરમાત્મપ્રકાશમાં પરમાત્માનું સ્વરૂપ કેવું છે તેનું આ વર્ણન ચાલે છે. પરમાત્માનું સ્વરૂપ જાણીને પરમાત્મા સમાન પોતાના સ્વરૂપનું ધ્યાન કરવું-અનુભવ કરવો એમ અહીં તાત્પર્ય બતાવે છે.

ભગવાન સિદ્ધ પરમાત્મા દ્રવ્યાર્થિકનયે-વસ્તુ સ્વભાવે અવિનાશી છે. ભગવાનની વર્તમાન પર્યાયમાં મલિનતાનો અભાવ છે. નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે. વળી, ભગવાન રાગાદિ અને કર્મમળના અંજનથી રહિત છે. માટે નિરંજન છે, અને જેવા સિદ્ધ છે તેવો જ આ આત્મા છે. સિદ્ધને પર્યાયમાં કર્મ અને વિકારનો નિમિત્ત સંબંધ છૂટી ગયો છે. આ જીવને પર્યાયમાં કર્મ અને વિકાર સાથે નિમિત્ત સંબંધ છે પણ સ્વભાવમાં એ સંબંધ નથી.

સિદ્ધ ભગવાન કેવળજ્ઞાનથી પરિપૂર્ણ છે, તેમ આ આત્મા પણ સ્વભાવથી જ્ઞાનમયી છે, કેવળજ્ઞાનસ્વરૂપથી પરિપૂર્ણ છે. વિકલ્પ કે શરીર, વાણી, મનની સાથે આત્માને સંબંધ નથી.

સિદ્ધ પરમાત્મા કેવી રીતે થયા?-કે શુદ્ધસ્વરૂપ પરમાત્મસ્વભાવમાં એકાગ્રતારૂપ ભાવના કરવાથી ભગવાન વીતરાગ પરમાનંદથી પરિણત-સિદ્ધ થયા છે. આ આત્મા પણ એવો જ છે તેથી શુદ્ધાત્મભાવના વડે વીતરાગ પરમાનંદ પ્રગટ કરીને સિદ્ધ થઈ શકે છે.

શ્રોતા :—આત્મા જાગૃત થાય ત્યારે ખબર પડે ને કે એ સિદ્ધ જેવો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી:–આત્માને જાગૃત કરે ત્યારે થાય કે એની મેળે થાય? આ શરીર, વાણી, મનમાં આત્મા નથી. શરીર તો અનેક આવ્યા અને ગયા. ભગવાન આત્મા તેનાથી જુદો છે. અનંતકાળે ભવનો અભાવ કરવા માટે આ મનુષ્યભવ મળ્યો છે, તેમાં પણ આ શરીર મારું, રાગ મારો એમ કરીને મૂઢ ચાર ગતિમાં ભ્રમણ કરવાનો માર્ગ કરે છે.

શરીર તો જડ રજકણનો પિંડ છે, વાણી અને મન પણ જડ છે. તેનાથી ભિન્ન એવો આત્મા કોણ છે?–કે આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છે. જેમ સાકર શબ્દ વાચક છે તો તેનું વાચ્ય સાકર વસ્તુ પણ છે ને! તેમ આત્મા શબ્દ છે તો તેનું વાચ્ય આત્મા એક વસ્તુ છે. એ વસ્તુમાં જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, પૂર્ણતા, આદિ અનંત શક્તિ છે પણ ચોરાશીના અવતારમાં જીવે કદી તેનો વિચાર કર્યો નથી. ક્યારેક વિચાર કરવાનો અવસર મળ્યો તોપણ એ અવસર ખોઈ નાખ્યો.

સવારમાં વિચાર આવ્યો હતો કે અહો! મુનિઓ–સંતોએ મનુષ્યનું સ્થાન તો છોડી દીધું પણ વનમાં જ્યાં મનુષ્યનો પગરવ હોય ત્યાં પણ અમે ન રહીએ. અમારા આત્માના શોધન માટે એકાંતમાં જ અમે રહીએ.

અરે! આ અવસર મળ્યો. શરીર, વાણી, મન અને પુણ્ય-પાપના વિકલ્પથી પણ રહિત ભગવાન આત્માની શોધ કરવા માટે આ ભવ છે, તેમાં અજ્ઞાની પત્ની–કુટુંબની, લક્ષ્મીની, આબરૂની શોધ કરે છે. શરીર અને કુટુંબ આદિના વિકલ્પની શોધ આડે એક સમયમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ મારો આત્મા કેવો છે તેની અંતરશોધ ન કરી. અનંતકાળમાં અનંતવાર આવો મનુષ્યભવ મળ્યો પણ ક્યારેય આ જીવે પોતાના સ્વભાવની શોધ ન કરી. અંતરમંથન ન કર્યું.

વસ્તુ તેને કહેવાય કે જેમાં અનંતગુણ વસતાં હોય. આત્મા એક વસ્તુ છે; તેમાં પણ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ અનંતગુણ વસે છે. પણ જીવે અનંતકાળમાં અંતર્મુખ મંથન કર્યું નથી. એકલું બહિર્મુખ ઘોલન છે તેથી પોતાનાં સ્વરૂપનું ભાન નથી. સાધુ થયો તોપણ દ્રવ્યલિંગીમુનિ થઈને દયા પાળું, વ્રત પાળું એવા વિકલ્પમાં પડ્યો પણ પોતાની વસ્તુની શોધ ન કરી.

"મેરા....મેરા... નહિ હૈ તેરા, ઉસમેં માના મેરા, યે હૈ તેરા દુઃખકા ડેરા." આ દુઃખના તંબુ છે.

આત્મા અરૂપી પણ વસ્તુ છે કે નહિ?–છે. તો તેમાં વસવાવાળી કોઈ શક્તિ છે કે નહિ? જ્ઞાન, દર્શન, આનંદ, સુખ આદિ અનંત શક્તિ તેમાં વસે છે. એ તારું નિજઘર છે તેમાં વાસ્તુ કર ને! તેમાં દૃષ્ટિ કરીને અનુભવ કરવો તે તારો ધર્મ અને

મોક્ષનો માર્ગ છે. લોકો પાંચ-પચાસ લાખના બંગલા બનાવે પછી તેમાં વાસ્તુ કરે છે ને! ગૃહપ્રવેશ કરે છે ને! પણ એ તો બધાં બંગલા ધૂળના ઢગલા છે. આત્મગૃહમાં પ્રવેશ કરવો તે ખરું વાસ્તુ છે.

સિદ્ધ પરમાત્મા કેમ થાય? કે અનાદિ વિકારી-સંસારી અવસ્થાનો નાશ કરી, સ્વભાવમાં દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા કરી-શુદ્ધાત્માની ભાવના વડે વીતરાગ પરમાનંદરૂપે પરિણમ્યાં તેને સિદ્ધ પરમાત્મા થયા કહેવાય. આ જેવા સિદ્ધ છે તેવો જ આ આત્મા છે તેનું ધ્યાન કરવું તે સાર છે.

આખો ભગવાન આત્મા ગુમ થઈ ગયો છે. એની નજરમાં શરીર, વાણી, સંયોગ અને પુણ્ય-પાપના ભાવ દેખાય છે પણ તેનાથી ભિન્ન પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન નજરમાં આવતો નથી. તેને કહે છે પ્રભુ! તું તારી ઓળખાણ કર! તારી કિંમત કર. પુણ્ય-પાપની કિંમત કરી તેમાં તો તું ચોરાશીના અવતારમાં અનંતકાળ દુઃખ પામ્યો. પોતાની પોતાને ખબર નથી અને પરની ખબર કાઢવા નીકળી પડયો.

આચાર્ય મહારાજ કહે છે ભગવાન! આ ભાવ તો ભવના અભાવ માટે છે, તેમાં તું વિકારનું સેવન કરે છે તો તારા ભવની વૃદ્ધિ થાય છે. શું આ મનુષ્યભવ આ માટે છે? નરક-નિગોદના ભવ કરતાં કરતાં માંડ આ ૫૦-૬૦ વર્ષનો મનુષ્યભવનો કાળ મળ્યો છે.

એક શેઠ ગાતાં હતાં "વાલીડા, મારા ટાણા રે આવ્યા તારા કામનાજી, મનુષ્યદેહના ટાણા રે વાલીડા ફરી નહિ મળે રે જી" આ ભવ દેહ, ધન, ભોગ, કુટુંબ અને દેશની સંભાળ માટે નથી મળ્યો ભાઈ! કોઈ કોઈની સંભાળ કરી શકતું નથી. તારે તો તારા આત્માની સંભાળ કરવી એ કરવાનું છે.

સત નામ શાશ્વત જ્ઞાનાનંદ, પરિપૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ શાંતિનો ભંડાર ભર્યો છે તેનું કદી લક્ષ કર્યું નહિ, વાત સાંભળી નહિ, વિશ્વાસ કર્યો નહિ અને બહારમાં ધર્મના નામે વ્રત, પૂજા, ભક્તિ, દાનાદિ કરીને કલ્યાણ માની લીધું પણ ભાઈ! એ રાગ છે-વિકાર છે. આત્માના કલ્યાણનું કારણ નથી.

ઘરમાં આઠ માણસ હોય, રાત્રે આઠ ખાટલા પાથર્યા હોય, તેમાં એક ખાલી કેમ? આઠમી વ્યક્તિને શોધવા નીકળી પડે છે. પણ ભલા? તું કોણ છો? તું તને તો શોધ. તારી સુધ-બુધ બધી ખોવાઈ ગઈ છે તેને પહેલાં શોધ. પરની શોધમાં તો તે અનંતકાળ વીતાવ્યો.

ઇન્દ્રનું કે દેવનું સુંદર શરીર આત્માને સુખનું કારણ નથી, દયા, દાનાદિના ઊંચા શુભભાવ પણ જીવને સુખ-શાંતિનું કારણ નથી, કેમ કે તે આત્મામાં નથી. આત્માને શાંતિનું કારણ તો પોતાના "ચેતનરૂપ અનુપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો."

એવા શાંતરૂપ અને શિવસ્વરૂપ, પરમાનંદ પરિણત સિદ્ધ સમાન પોતાના સ્વરૂપનું ધ્યાન કરવું તે એક જ શાંતિનું કારણ છે.

અરે! નિજસ્વરૂપની કિંમત નહિ અને પુણ્ય-પાપ આદિની કિંમત કરે છે તે કદી સંયોગથી છૂટશે નહિ. ભવપરિભ્રમણથી ક્યારેય નહિ છૂટે.

અનંતકાળના પરિભ્રમણમાં માંડ આ મનુષ્યભવનો થોડો કાળ આત્માની શોધ માટે મળ્યો છે. ભગવાન આત્માની શોધ કરે તે સિદ્ધ થયા વિના રહેતો નથી.

સિદ્ધ પરમાત્મા જ શિવરૂપ અને શાંતિરૂપ છે. બાકી કોઈ જગતકર્તા શિવ આ જગતમાં નથી. સિદ્ધ ભગવાન શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવરૂપ થાય છે. શુદ્ધ—રાગાદિ રહિત બુદ્ધ—પૂર્ણ જ્ઞાનપરિણતી સહિત એકરૂપ અભેદદશા થઈ ગઈ છે. એવો જ આત્માનો સ્વભાવ છે તે ધ્યાન કરવા યોગ્ય છે.

ભાઈ! આત્મા કોણ છે તેની તને કિંમત નથી. કોડી માટે આત્મા વેચી નાખ્યો છે. એક પુણ્યનો વિકલ્પ આવ્યો તેમાં જ જાણે સર્વસ્વ. અરે મૂઢ! એક રાગની મંદતાના શુભ વિકલ્પમાં આખો આત્મા તો તું ખોઈ બેઠો.

અહો! જેણે આત્માની કિંમત કરી છે એવા સંતમુનિઓ મનુષ્યના વસવાટમાંથી તો ચાલ્યા ગયા પણ જ્યાં મનુષ્યનો પગરવ હોય ત્યાં પણ અમારું સ્થાન નહિ. મોટા રાજાઓ કે ચક્રવર્તીના રાજકુમારો પણ દીક્ષા લઈને આમ એકાંતમાં ચાલી નીકળે છે. જુઓને! રામના પુત્રો લવ અને કુશ. કાકાના મૃત્યુથી થયેલી પિતાજીની પાગલ અવસ્થા જોઈને વૈરાગ્ય પામે છે. અરે આ સંસાર! ઘરે પદમણી જેવી રાણીઓને છોડીને અરે! અમે ક્યાં પડ્યા છીએ. અમારું અસંખ્ય પ્રદેશી સ્થાન શોધવામાં આ વિકલ્પો અમને રોકે છે. પિતાજી! અમને રજા આપો.

છ ખંડના ધણી ચક્રવર્તી રાજા પણ જ્યારે વૈરાગ્ય પામે છે ત્યારે ૯૬૦૦૦ રાણી અને ચક્રવર્તીનો વૈભવ જેમ બળખો છોડી દે તેમ છોડીને, ભૂતને દેખીને માણસ ભાગે એમ સંસાર છોડીને ભાગે છે. અરે! આ ભર્યા ઘર અને ગરમગરમ ભાત-ભાતના ભોજન છોડીને તમે ક્યાં જશો? અરે! પર તરફના વિકલ્પમાં અમારું અતીન્દ્રિય આનંદમય જીવન લૂંટાય છે. એ અમને હવે પોસાય તેમ નથી. મડદાને ઠાંઠડીમાં નાખીને સ્મશાનમાં લઈ જાય છે તેમ અમે જગતથી ઉદાસ—મડદા થઈને અમારી મેળે અમે જંગલમાં ચાલ્યા જઈએ છીએ. અમારા ચિદાનંદ પરમાત્મા અમારી દૃષ્ટિમાં આવ્યા છે તેને શોધવા અમે ચાલી નીકળીએ છીએ. સ્વરૂપને શોધે તે સાધુ છે, બાકી બધાં બાવા છે.

બેહદ જ્ઞાનાનંદસ્વભાવી વસ્તુ પોતાના સ્વભાવને કદી છોડતી નથી અને જે ભાવે

તીર્થંકરગોત્ર બંધાય એવા ઉત્કૃષ્ટ શુભભાવને પણ વસ્તુ ગ્રહતી નથી. આવી વસ્તુને દૃષ્ટિમાં લેવી તે ધર્મ છે. બાકી બધી ધર્મને નામે ચાલતી વાતો જગતને ઠગવા માટે છે.

પરમાત્મા કેવા છે? અનંતજ્ઞાનાદિરૂપ પોતાના ભાવોને કદી છોડતા નથી અને કામક્રોધાદિરૂપ પરભાવોને કદી ગ્રહણ કરતાં નથી. ત્રણકાળ, ત્રણલોકની બધી ચીજોને માત્ર જાણે છે–કેવલ જાણે છે. 'કેવલ' કેમ કહ્યું કે કોઈ જાતના વિકલ્પના ઉત્થાન વિના માત્ર જાણે છે–બિલકુલ રાગની અપેક્ષા વિના જાણે છે. તેમ ભગવાન આત્મા કેવલ જાણવા–દેખવાના સ્વભાવવાળો છે. રાગાદિ વિકલ્પરહિત માત્ર જાણનાર–દેખનાર છે. તેની કિંમત કર ભાઈ! બેખબરો ન થા.

ભગવાન ચૈતન્યપ્રભુ! તારા ચૈતન્યહીરામાં કેવળજ્ઞાન ચમકે છે. જેમાં રાગના એક વિકલ્પને ગ્રહણ કરવાની તાકાત નથી. સિદ્ધ ભગવાન રાગને ગ્રહણ કરતાં નથી એ તો પર્યાયની વાત થઈ. આ તો દ્રવ્યસ્વભાવમાં પણ રાગને ગ્રહણ કરવાની શક્તિ નથી, માત્ર હંમેશા જાણનાર છે તે જ શિવસ્વરૂપ છે. આવા સિદ્ધ સમાન પોતાના આત્માનું ધ્યાન કરો.

અનાદિથી રાગની જાળમાં પ્રભુ ગુમ થઈ ગયો છે. હવે તું સ્વભાવને ગ્રહણ કર તો રાગ ગુમ થઈ જાય.

શ્રીમદ્ કહે છે ને, 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' કરવું કાંઈ નથી. સમજવું એ જ ક્રિયા છે. 'સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય' પોતે સમજે તો ગુરુને નિમિત્ત કહેવાય. પણ અજ્ઞાનીની આજ્ઞા તો નિમિત્ત પણ ન થાય.

યોગસારમાં પણ છે ને, 'સર્વ જીવ છે જ્ઞાનમય, જાણે સમતાભાવ.' સર્વ જીવ જ્ઞાનમય વસ્તુ છે. જ્ઞાન એ આત્માનો મુખ્ય ધર્મ છે. તેની સાથે બીજા ધર્મો ભલે હો પણ, જ્ઞાન એ પ્રધાન ધર્મ છે. આત્મા જ્ઞાનમય છે. કર્મમય તો આત્મા નથી પણ રાગાદિ વિકલ્પથી પણ આત્મા તન્મય નથી–ભિન્ન છે. દયા–દાનના શુભ વિકલ્પ તો આસ્રવ તત્ત્વ છે. ભગવાન જ્ઞાયક તત્ત્વમાં તેનો પ્રવેશ જ નથી.

અરે! દીકરો રતન જેવો પાકયો હોય અને કોઈ વખાણ કરે તો કેવો રાજી થાય છે! તો આ તો પોતાના ભગવાન આત્માના વખાણ થાય છે તે સાંભળીને તને રાજીપો નથી થતો! સાળાની વહુના વખાણ સાંભળતા પણ તને પોરહ ચડે છે અને નિજ ભગવાનની મહિમા કરતાં તને રાજીપો નથી આવતો? વિકારની મહિમા ખસતી નથી અને સ્વભાવની મહિમા આવતી નથી, તો તો તું પરની ખુશીથી ખુશી છો. તારા સ્વભાવની મહિમામાં તારું વીર્ય કેમ ઊછળતું નથી?

સંસાર અવસ્થામાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી બધાં જીવો શક્તિરૂપે પરમાત્મા છે. જો

શક્તિરૂપે પરમાત્મા ન હોય તો પ્રગટ પરમાત્મા ક્યાંથી થાય! લીંડીપીપરમાં અંદર ચોસઠ પહોરી તીખાશ પડી છે તો તેને ઘૂંટવાથી પ્રગટ થાય છે. તેમ દરેક આત્મામાં પરમાત્મશક્તિ પડી છે તો અનંત જ્ઞાન, દર્શનાદિ પર્યાયમાં પ્રગટ થાય છે.

ચૌદ બ્રહ્માંડરૂપી ગોદામમાં અનંત આત્મારૂપી કોથળા અનંત જ્ઞાનાદિશક્તિથી ભર્યા છે. નિગોદમાં રહેલા હોય તોપણ જીવ છે ને! કીડીમાં પણ જીવ છે ને! એ બધાં અનંત શક્તિથી ભરપૂર છે. ક્ષેત્ર નાનું હોવાથી ભાવ પણ નાનો ન હોય. ભગવાન આત્માને અલ્પજ્ઞ અને અલ્પશક્તિવાળો માને છે તેણે પોતાની દૃષ્ટિમાં ચૈતન્યની મહિમાનો નાશ કરી દીધો છે.

અરે! એને આ વાત કેમ બેસે? એક જરી દાળ બરાબર ન થઈ હોય ત્યાં માથું ફરી જાય–દાળ કેમ એકરસ થઈ નથી? પણ ભાઈ! આ તું પરભાવમાં–પુણ્ય-પાપભાવમાં એકત્વ કરે છે, તેમાં તારું ચૈતન્યનું એકરસપણું ચાલ્યું જાય છે તેનું શું? તું પોતે એકરસ ભગવાન છો તેને સંભાળ.

અરે! હું તો મારા શોધનમાં રહું કે પરના શોધનમાં રહું! અંદરમાં પરમાત્મશક્તિ પડી છે તે જ પર્યાયમાં એન્લાર્જ થાય છે. આવું કથન અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે. તે હવે પછી કહેવાશે. [ ક્રમશઃ ]

—*—

જેમ કોઈને એક વખત આકરી વેદના આવી ગઈ હોય અને ફરી તેવી વેદના થાય તેવું કોઈ ચિહ્ન ખ્યાલમાં આવતાં પણ કંપારી છૂટે ને ત્રાસ ત્રાસ થઈ જાય તેમ ચોરાશીના અવતારનાં દુઃખનું સ્મરણ કરતાં ત્રાસ ત્રાસ થઈ જાય. —પૂજ્ય ગુરુદેવશ્રી [ દૃષ્ટિનાં નિધાન ]

આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ!—એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અંદરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ...હું, આ...હું એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી [ દૃષ્ટિનાં નિધાન ]

[ પ્રવચન નં. ૪૯ ]

# આખા બ્રહ્માંડનું લક્ષ છોડ

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૨૮-૫-૬૬ ]

પોતાનું હિત કેમ થાય તેનો ઉપદેશ આપનારો આ ઇષ્ટ ઉપદેશ છે. ૪૪ મી ગાથાનો વિશદ અર્થ ચાલે છે.

જે પોતાના ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં દૃષ્ટિ કરીને તેમાં એકાગ્ર થાય તેને ધર્મી કહેવાય છે. ધર્મ કરવાવાળા આ ધર્મીનો ભાવ-રુચિ સદાય પોતાના સ્વભાવ તરફ જ ઝૂકે છે.

પ્રથમ જ શબ્દ છે 'સ્વાત્મતત્ત્વ' એટલે સ્વ—પોતાનો આત્મભાવ કે જે જ્ઞાયક પરમાનંદ શુદ્ધસ્વભાવ છે તે સ્વાત્મતત્ત્વ છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ જીવના કાયમી અસલી ધ્રુવ સ્વભાવ છે, તે સ્વાત્મતત્ત્વ છે. શરીર, વાણી, મન કે શુભાશુભ વિકારી ભાવ તો સ્વાત્મતત્ત્વ નથી પણ જીવની વિશેષ અવસ્થા તે પણ પૂર્ણ આત્મસ્વભાવ નથી.

આ ઇષ્ટઉપદેશ છે, તેમાં જીવને આનંદની પ્રાપ્તિનું પ્રયોજન છે તે સ્વાત્મતત્ત્વમાં સ્થિર થવાથી સિદ્ધ થાય છે તેમ કહે છે.

પરમપારિણામિક ધ્રુવ સ્વતઃસિદ્ધ સ્વાત્મતત્ત્વમાં સ્થિર થયેલાં યોગી અધ્યાત્મથી ભિન્ન શરીરાદિ અન્ય વસ્તુઓમાં પ્રવૃત્તિ નથી કરતાં, તેથી તેને આ શરીર સુંદર છે કે અસુંદર, મનોજ્ઞ છે કે અમનોજ્ઞ એવી શરીરની વિશેષ અવસ્થાઓનો ખ્યાલ રહેતો નથી.

લોકોએ આવી વાત કોઈ દિવસ સાંભળી ન હોય એટલે બેસવી આકરી પડે. એમ થાય કે શું આવો વીતરાગમાર્ગ હશે! વ્રત, તપ કરીએ, વાસી અથાણા ન ખાઈએ એટલે ધર્મ થઈ જાય એમ માનનારાને આ ક્યાંથી બેસે! તેને તો મિથ્યા દૃષ્ટિ સહિત શુભ બંધન થાય પણ ધર્મ ન થાય. આત્માની ખીલવટ—આત્મલાભ ન થાય.

પ્રભુ! તારી ચીજ તો સત્ સહજ અને સરળ છે પણ તે શ્રદ્ધામાં મોંઘી માની લીધી છે, તેથી હું મારી ચીજને કેમ પ્રાપ્ત કરી શકું? એમ કરીને તેં પ્રયત્ન જ કર્યો નથી. દૃષ્ટિમાં સ્વભાવની સમીપતા કરવાને બદલે શરીર, રાગ, પુણ્ય આદિની સમીપતા કરી છે તેથી સરળ વાત અઘરી થઈ પડી છે.

ભગવાન આત્મામાં બે અંશ છે એક સામાન્ય ત્રિકાળી ધ્રુવ અંશ અને બીજો વિશેષ—પર્યાય અંશ છે, તેમાં વર્તમાન પર્યાય-અંશમાં રાગ છે તેને જ જો મુખ્ય કરે તો ત્રિકાળ સામાન્ય-અંશ દૃષ્ટિમાંથી ઓઝલ થઈ જાય છે અને જો સામાન્ય ત્રિકાળી

પરમાનંદ સ્વભાવ-અંશને મુખ્ય કરીને તેની દૃષ્ટિ–જ્ઞાન અને સ્થિરતા કરે તો પર્યાય-અંશ અને પરદ્રવ્ય બધું દૃષ્ટિમાંથી ઓઝલ થઈ જાય છે. ત્યારે શરીરની વિશેષ અવસ્થાનો તો ખ્યાલ નથી રહેતો પણ પોતાની વિશેષ અવસ્થાનો પણ ખ્યાલ રહેતો નથી. કેમકે પર્યાય પોતે જ સ્વભાવ તરફ ઢળેલી છે.

મિથ્યાદૃષ્ટિને પોતાની પર્યાય અને શરીરાદિ પરદ્રવ્યની પર્યાયમાં એકતાને લીધે રાગ-દ્વેષ અને ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ થાય છે અને જ્ઞાનીને જ્યારે સ્વભાવમાં લીનતા હોય ત્યારે પોતાની કે પરની વિશેષ અવસ્થાનું લક્ષ નહિ હોવાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થતા જ નથી અને સ્વભાવનો આશ્રય લીધો હોવાથી પર્યાયમાં શાંતિ, વીતરાગતા આદિ નિર્મળતા પ્રગટ થાય છે અને તેની વૃદ્ધિ થાય છે. તેનું નામ સંવર–નિર્જરા છે. આચાર્યોએ ટૂંકામાં આખો સાર કહી દીધો છે.

શ્રોતા :—પણ બહુ સૂક્ષ્મ વાત છે પ્રભુ!

પૂજ્ય ગુરુદેવઃ—સૂક્ષ્મ પણ યથાર્થ છે ને! આ એક જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. સૂક્ષ્મને સૂક્ષ્મ જાણનારો છે તેને સૂક્ષ્મ ક્યાં રહ્યું? તેને તો માર્ગ ખૂલ્લો થઈ જાય છે. સૂક્ષ્મ છે પણ અનુભવમાં બરાબર આવે તેવો છે. જેની દૃષ્ટિ જ પરપદાર્થ અને શુભાશુભ વિકારીભાવો ઉપર છે તેને તો ભગવાન આત્મા દૃષ્ટિમાં ઓઝલ છે પણ જેણે આત્મસ્વભાવને જ દૃષ્ટિમાં લીધો તેને પછી શું બાકી રહે? જ્ઞાનમાં સામાન્યદ્રવ્ય-સ્વભાવને જ્ઞેય બનાવ્યો તેને આખો સ્વભાવ જણાય જાય છે.

અહીં તો એ કહેવું છે કે સ્વભાવમાં સ્થિર થયેલાં યોગીને સાતમાં ગુણસ્થાને જે નિર્જરા થાય છે તેટલી નિર્જરા વ્રત, તપના વિકલ્પમાં ઉભેલાં છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને થતી નથી. સ્વભાવમાં સ્થિત યોગીને સ્વ અને પરની વિશેષ અવસ્થા ઉપર લક્ષ નહિ હોવાથી ઠીક–અઠીક બુદ્ધિ થતી નથી અને તેથી રાગ-દ્વેષ પણ થતાં નથી તેથી કર્મો બંધાતા નથી અને નિર્જરા વિશેષ થાય છે. વ્રતના વિકલ્પની ભૂમિકામાં જે નિર્જરા થતી હતી તેનાથી પણ વિશેષ નિર્જરા થાય છે.

પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાને સામાન્યસ્વભાવનો આશ્રય ઓછો છે તેથી શુદ્ધિ પણ ઓછી છે અને નિર્જરા પણ ઓછી થાય છે. અને જ્યારે સામાન્યસ્વભાવનો આશ્રય વધી જાય છે ત્યારે સાતમાં ગુણસ્થાને શુદ્ધિ પણ વધી જાય છે તેથી કર્મોની નિર્જરા પણ વિશેષ થાય છે.

જીવોને આ વીતરાગધર્મનો અભ્યાસ નથી, મહિમા નથી તેથી ધર્મ સમજવો અઘરો લાગે છે. વળી પરથી અને રાગથી મને લાભ થાય એવી મિથ્યા માન્યતાઓ પકડી રાખી છે તેથી સત્યધર્મ કેમ પકડાય? એક સામાન્યદ્રવ્યસ્વભાવના આશ્રયથી જ ધર્મ

પ્રગટ થાય છે. વિશેષ અવસ્થાનો કે શુભભાવનો કે પરપદાર્થનો આશ્રય કરવાથી ધર્મ પ્રગટતો નથી. સામાન્યના આશ્રયથી વિશેષમાં ધર્મ પ્રગટ થાય છે. પરદ્રવ્ય કે પરભાવના લક્ષે હિત થતું નથી. સ્વભાવના લક્ષે જ હિત થાય છે. આમ ટૂંકામાં હિતનો માર્ગ બતાવીને પૂજ્યપાદસ્વામીએ કમાલ કરી છે. દિગંબર સંતોની બલિહારી છે. આખા બ્રહ્માંડનું લક્ષ છોડ! અને સ્વભાવનું લક્ષ કર તો તારું કલ્યાણ થાય. દેવ-શાસ્ત્ર-ગુરુના લક્ષે પણ આત્મામાં ધર્મ પ્રગટ થતો નથી.

જે મતિમાન છે—બુદ્ધિવાન છે, તે પરદ્રવ્ય અને પોતાના પણ વિશેષનું લક્ષ નહિ કરતાં સામાન્યનું લક્ષ કરે છે, તેથી જ તેનું હિત થાય છે. સામાન્યનું લક્ષ કરનારનો ક્ષયોપશમ ભલે થોડો હોય તોપણ તેનું હિત થાય છે અને ક્ષયોપશમ વિશેષ હોય, દુનિયાને સમજાવી શકતો હોય પણ સામાન્યનો આશ્રય ન હોય તો હિત થતું નથી. દુનિયા સમજે તેનો લાભ દુનિયાને થાય પણ સમજાવનારને તેનાથી લાભ થતો નથી. સમજાવનારને સમજાવવાનો વિકલ્પ છે તેનો શુભબંધ થાય છે છતાં તેમાં લાભ માને તેની દૃષ્ટિ મિથ્યા છે.

ભગવાન! આ તારા ખ્યાલમાં બેસી જાય તેવી વાત છે. આત્મા કબૂલ કરે એવી વાત છે કે પોતાને સ્વભાવની સમીપતાથી જ લાભ થાય. પર્યાયની સમીપતાથી કે શુભ વિકલ્પથી કે બીજા જીવો સમજે તેનાથી લાભ ન થાય. તો પછી પ્રશ્ન થાય કે મંદિર આદિ બંધાવો છો શું કામ? અરે ભાઈ! એ તો થવા કાળે બધું થાય છે તેમાં જીવોનો શુભભાવ નિમિત્ત હોય છે. તેનાથી લાભ નથી પણ એવો ભાવ આવ્યા વગર રહેતો નથી. શુભભાવથી કાર્ય થતું નથી છતાં એવા શુભભાવ આવ્યા વગર રહેતાં જ નથી. એનું જ નામ વ્યવહાર છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો શુભભાવનો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. પણ મુક્તિનો માર્ગ તો એક જ છે—'સ્વાત્મનિષ્ઠતા' સ્વરૂપમાં લીનતા થવાથી જ કર્મોથી છૂટીને મુક્તિ થાય છે.

હવે ૪૫ ગાથામાં મુનિરાજ વિશેષ કહે છે કે પર તે પર જ છે તેનાથી દુઃખ થાય છે અને આત્મા આત્મા જ છે તેનાથી સુખ થાય છે. માટે સર્વ મહાત્માઓએ આત્મા માટે જ ઉદ્યમ કર્યો છે.

परः परस्ततो दुःखमात्मैवात्मा ततः सुखम् ।
अत एव महात्मानस्तन्निमित्तं कृतोद्यमाः ॥ ४५ ॥

પર તો પર છે દુઃખરૂપ, આત્માથી સુખ થાય,
મહા પુરુષ ઉદ્યમ કરે, આત્માર્થે મન લાય. ૪૫.

શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા તે સ્વ છે અને શરીર, વાણી, મન, કર્મ, સ્ત્રી,

પુત્ર, પરિવાર, ધન, દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બધાં આત્માથી પર છે. પુણ્ય-પાપ પરિણામ પણ પર છે.

શ્રોતાઃ—દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પર છે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—જ્યાં પરિણામ પણ પર કહ્યાં તો પુણ્યના નિમિત્ત એવા દેવ-શાસ્ત્ર-ગુરુ તો પર જ હોય ને!

પર તે પર જ છે છતાં તેને પોતાના માને છે તેથી જીવને દુઃખ થાય છે. કેમ કે પર છે તે કદી પોતારૂપે થતાં નથી અને પોતે પરરૂપે થતો નથી છતાં પોતાના માને છે તેથી મિથ્યાત્વની આકુળતા જ ઉત્પન્ન થાય છે, તે દુઃખ છે. દુઃખ તો જીવને પોતાની મિથ્યા માન્યતાથી થાય છે પણ તેમાં નિમિત્ત પરદ્રવ્ય-પરભાવ હોય છે.

હું આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું તેમ દૃષ્ટિ કરતાં આત્મામાંથી આનંદ પ્રગટ થાય છે અને પર તરફ દૃષ્ટિ કરવાથી આકુળતા-દુઃખ ઉત્પન્ન થાય છે.

આ તો પ્રભુ! સમજીને સમાઈ જવાથી વાત છે. ઠરવાની વાત છે. આત્મામાં ઠરવાથી જ સુખ અને આનંદ પ્રગટ થાય છે—એમ જાણતાં હોવાથી મહાત્મા જ્ઞાની પુરુષો આત્માનો જ ઉદ્યમ કરે છે.

જેટલો પરદ્રવ્યનો આશ્રયભાવ છે તે દુઃખરૂપ છે અને જેટલો સ્વભાવનો આશ્રયભાવ છે તે સુખરૂપ ભાવ છે. સ્વભાવના આશ્રયે શુદ્ધભાવ-સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર જે શાંતિરૂપ-સુખરૂપ ભાવ છે તે પ્રગટ થાય છે અને પરના આશ્રયે મિથ્યાત્વનો ભાવ થાય છે કે જે દુઃખરૂપ ભાવ છે.

જેને સ્વ-આત્માનું હિત કરવું છે તેણે સ્વ-આત્મસ્વભાવ સિવાય વિકલ્પથી માંડીને બધાં પરપદાર્થનું લક્ષ છોડવું પડશે. કેમ કે તેના લક્ષથી દુઃખ ઉત્પન્ન થાય છે અને સ્વભાવના લક્ષથી સુખ ઉત્પન્ન થાય છે કે જેનું તેને પ્રયોજન છે.

શ્રીમદ્ કહે છે ને—ભગવાન આત્મા શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન છે.

"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ."

અહીં તો ભાઈ! વીતરાગની વાત છે. કોઈ વાડા કે સંપ્રદાયની વાત નથી. વ્યક્તિ-પૂજા નથી, સત્ય જેમ છે તેમ કહેવાય છે.

કેટલાક એમ માને છે કે કાશીમાં કરવત મૂકાવે તે એકાવતારી થાય તેમ કોઈ એમ માને છે કે સિદ્ધગીરીમાં જેનું મરણ થાય તેનો મોક્ષ થાય. અરે મૂઢ! એમ કદી

મોક્ષ થતો હશે! અહીં તો કહે છે કે જેમાંથી સિદ્ધપર્યાય પ્રગટ થાય છે તેવો ભગવાન આત્મા સિદ્ધગિરી-સિદ્ધાલય છે. તેની સમીપમાં જાય તેની સિદ્ધિ થાય. બાકી ૯૯ વાર શેત્રુંજયની જાત્રાથી મોક્ષ થાય એ માન્યતા બધી મૂઢતા છે. જાત્રા કરી કરીને મરી જાય તોપણ મોક્ષ ન થાય અને ભગવાન આત્માનો એકવાર પણ આશ્રય લે તેના જન્મ-મરણ ઊભા ન રહે-તેનો મોક્ષ થાય જ.

દેહ, વાણી, મન, પુણ્ય-પાપ આદિ પર છે, તે પર જ છે, તેને કોઈ પણ હિસાબે પોતાના બનાવી શકાય નહિ. આચાર્યોએ પોકારી પોકારીને આગમનું-સત્યના રહસ્યનું ઉદ્દ્ઘાટન કર્યું છે. એમાં સમાજ સમતોલ રહેશે કે નહિ તેની પરવા કરી નથી. વ્યવહાર તરીકે વ્યવહાર છે તેનો નિષેધ કર્યો નથી પણ આદરવાનો નિષેધ કર્યો છે.

દેહાદિ પરપદાર્થને પોતાનો આત્મા બનાવી શકાતો નથી કે આત્માની જેવા પણ બનાવી શકાતાં નથી. એવી જ વસ્તુસ્થિતિ છે. છતાં પરને મારા માને છે તેથી અજ્ઞાની જીવને દુઃખ જ થાય તે સ્વાભાવિક છે. પરને અપનાવવાથી કદી સુખ થઈ ન શકે. સાક્ષાત્ સર્વજ્ઞને પણ અપનાવવાથી રાગ જ થાય, સુખ ન થાય, પણ સર્વજ્ઞ જેવા જ પોતાના સ્વભાવને અપનાવવાથી સુખ અને ધર્મ પ્રગટ થાય છે. [-ક્રમશઃ]

---

એક પર્યાયમાં બીજા બધાં દ્રવ્યની પર્યાયનો અભાવ છે. એક પર્યાય અને બીજા દ્રવ્યની પર્યાય વચ્ચે અભાવની વજ્રની શિલા પડી છે. ત્યાં એક પર્યાય બીજી પર્યાયને કરે શું? મારું કોઈ કરે નહીં. હું પરનું કાંઈ કરી શકું નહીં એટલે એને પરની સામું જોવાનું રહ્યું જ ક્યાં? પરની આશા કરવાની રહી જ નહીં. એક પણ વાત યથાર્થ બેસી જાય ને, બસ ખલાસ! —પૂજ્ય ગુરુદેવશ્રી [દૃષ્ટિનાં નિધાન]

વારંવાર આ નિર્વિકલ્પ આત્મા નિર્વિકલ્પ આત્મા-એમ વારંવાર સાંભળે છે એનો અર્થ જ એ કે ઈ એને રુચે છે. અંદરમાં વિપરીત માન્યતા ઉપર ઘણ પડે છે સંસ્કારના, ઈ નિર્વિકલ્પ થશે જ. શાસ્ત્રમાં કહ્યું છે ને!-કે સમ્યગ્દર્શનના ધ્યાનથી સમ્યગ્દર્શન થાય છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી [દૃષ્ટિનાં નિધાન]

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

લોક ભાવનાનું આ વર્ણન ચાલે છે. ધર્મી વિચારે છે કે હું તો જ્ઞાતા છું ને લોકના પદાર્થો મારું જ્ઞેય છે. લોકના બધા પદાર્થો સમયે સમયે પોતપોતાના કારણે પરિણમી રહ્યા છે. રાગરહિત સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરીને ધર્મી જીવ આવી ભાવના ભાવે છે. દરેક પદાર્થ સામાન્ય-વિશેષ સ્વભાવરૂપ છે. તેમાં સામાન્ય ભાવ તે દ્રવ્ય છે ને વિશેષરૂપ ભાવ તે પર્યાય છે. વિશેષરૂપ પર્યાય થવાનો પદાર્થોનો જ સ્વભાવ છે, કોઈ બીજાને કારણે તેની પર્યાય થતી નથી. કપડું સળગ્યું તે કપડાના પરમાણુઓની વિશેષ પર્યાય છે, અગ્નિના લીધે તે પર્યાય થઈ નથી. અગ્નિના સંયોગનો કપડામાં અભાવ છે તેમ જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છે તેમાં રાગાદિ વિકાર થાય તે સંયોગી ભાવ છે. તે સંયોગીભાવમાં જ જેને પોતાપણું ભાસ્યું તે જીવ બહારમાં પરપદાર્થોમાં સંયોગથી કાર્ય થયું એમ માને છે. સંયોગ અને સંયોગ તરફના ભાવથી મારું ચિદાનંદસ્વરૂપ ભિન્ન છે—એવું ભાન કરે તો "અગ્નિના કારણે કપડું સળગ્યું" એવી સંયોગબુદ્ધિ રહે નહિ! એકેક પરમાણુ પોત-પોતાના સામાન્ય વિશેષ સ્વભાવવાળો છે. તે પોતાથી જ પરિણમી રહ્યો છે. સ્વતંત્રતાની દૃષ્ટિ વગર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થાય નહિ.

કોઈ કહે કે અમને પ્રત્યક્ષ દેખાય છે કે હાથને લીધે લાકડી ઊંચી થઈ, સુતારે ટેબલ બનાવ્યું!

તેનો ઉત્તર:-પહેલાં નક્કી કરો કે પ્રત્યક્ષ તો જ્ઞાન છે. તે જ્ઞાનનો નિર્ણય કર્યા વગર સંયોગનું યથાર્થ જ્ઞાન થાય નહિ. પ્રત્યક્ષપણું પરને લીધે નથી પણ જ્ઞાન પોતે પ્રત્યક્ષસ્વરૂપે પરિણમ્યું છે. તથા ટેબલ થયું તે વખતે સુતારની હાજરી હતી પણ પછી ટેબલ પાંચ-દસ વર્ષ સુધી સુતારની હાજરી વગર જ ટકી રહ્યું છે ને? તેની સમયે સમયે તેવી પર્યાય થયા કરે છે. તેમાં કયો સુતાર છે? માટે સુતાર વગર જ ટેબલનું કાર્ય થયું છે, જો સુતારને લીધે ટેબલ થયું હોય તો સુતારની ગેરહાજરીમાં ટેબલ રહી શકે નહિ.

અજ્ઞાની સંયોગની દૃષ્ટિથી જુએ છે. પણ પદાર્થના સ્વભાવને તે જાણતો નથી. પદાર્થ સામાન્ય-વિશેષ સ્વભાવવાળો છે તેની વિશેષ પર્યાય નિમિત્તના કારણે થતી નથી, પણ સામાન્યના આશ્રયે વિશેષ થાય છે. જો પરને કારણે પર્યાય થાય તો તે વખતે પદાર્થનું વિશેષ શું રહ્યું? અગ્નિએ પાણીને ઊનું કર્યું એમ જેણે માન્યું તેણે

આત્માને પરનો કર્તા માન્યો છે. એક રજકણ બીજા રજકણને કરે એવી જેની મિથ્યા માન્યતા છે, તેની માન્યતામાં આત્મા પરનું કરે એવી મિથ્યા માન્યતા પડી જ છે. વ્યવહારનયના કથનમાં સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને કારણ–કાર્યપણું કહેવામાં આવે છે, પણ ખરેખર એમ નથી. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય ભિન્ન ભિન્ન છે, તેમને કાર્ય–કાર્યપણું નથી. ન્યાયના શાસ્ત્રોમાં અન્યમતની સામે નિમિત્તને સિદ્ધ કરવા માટે અન્વય વ્યતિરેકથી નિમિત્તનું કથન કર્યું હોય છે. જેઓ જગતમાં પરવસ્તુને માનતા જ નથી–નિમિત્તને માનતા જ નથી એવા જીવોની સામે નિમિત્તનું અસ્તિત્વ સાબિત કરવા માટે ત્યાં એમ કહ્યું છે કે "નિમિત્ત હોય તો કાર્ય થાય, નિમિત્ત ન હોય તો કાર્ય ન થાય!" પણ ત્યાં નિમિત્તને લીધે કાર્ય થાય છે એમ નથી બતાવવું.

રાગનો નિરોધ કરવો તે પણ વ્યવહારનું કથન છે. ક્યાં રાગનો નિરોધ કરે? જે રાગ વર્તમાન છે તે તો ઉત્પાદરૂપ છે, ઉત્પાદનો તે જ સમયે વ્યય થાય નહિ અને બીજા સમયે તો રાગ ટળી જાય છે. તે વખતે રાગ છે જ નહિ. તો તેને ટાળવાનું ક્યાં રહ્યું? વસ્તુસ્વભાવના આશ્રયે વીતરાગભાવ પ્રગટ્યો ત્યાં રાગની ઉત્પત્તિ જ ન થઈ તેથી ઉપચારથી કહેવાય કે રાગનો નિરોધ કર્યો! ખરેખર તે સમયે રાગની ઉત્પત્તિ જ થઈ નથી. રાગ થવાનો હતો ને રોક્યો–એમ નથી. એ જ પ્રમાણે અશુભથી બચવા માટે શુભભાવ આવ્યો–એમ કહેવું તે પણ ઉપચારનું કથન છે.

વીતરાગી ભાવલિંગી સંતો શ્રી કુંદકુંદાચાર્ય, શ્રી કાર્તિકસ્વામી વગેરેની આ ગંભીરવાણી છે, તેઓ પરમેષ્ઠી હતા, તેમના કહેવાનો આશય નહિ સમજનારા નિશ્ચય–વ્યવહારનો ઊંધો અર્થ કરે છે. વિશેષમાં ઉત્પાદ–વ્યય થાય છે ત્યાં પર્યાય અપેક્ષાથી અભેદપણું જોતાં દ્રવ્ય પણ ઉત્પાદ–વ્યયરૂપ થાય છે. સામાન્યપણું પર્યાયથી સર્વથા ભિન્ન નથી. સામાન્ય ગુણમાંથી પર્યાય સમયે સમયે નવી થાય છે. શુભ વિકલ્પથી કે નિમિત્તથી સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી પણ અનંતગુણ મૂર્તિ એવા દ્રવ્યની અભેદદૃષ્ટિથી સમ્યગ્દર્શનાદિ ધર્મ શરૂ થાય છે.

**सदृशः यः परिणामः अनादिनिधनः भवेत् गुणः सः हि ।**
**सः सामान्यस्वरूपः उत्पद्यते नश्यति नैव ॥२४१॥**

અર્થઃ—દ્રવ્યનો જે પરિણામ (ભાવ) સદૃશ અર્થાત્ ઉત્તર–પૂર્વ બધીય પર્યાયોમાં સમાન હોય-અનાદિનિધન હોય તે જ ગુણ છે. અને તે સામાન્યસ્વરૂપથી ઊપજતો-વિણસતો નથી. ૨૪૧.

ઉત્પાદ–વ્યય અનિત્ય અને વિસદૃશ છે અને ગુણ ત્રિકાળ સામાન્ય એકરૂપ રહે છે. વ્યય તે અભાવરૂપ ભાવ છે તેથી અનિત્ય છે, ઉત્પાદ તે એક સમયનો ભાવ છે તે પણ

અનિત્ય છે, ધ્રુવ છે તે નિત્યભાવ છે. કેવળજ્ઞાન પણ ગુણ નથી તે ક્ષણિક પર્યાય છે. જ્ઞાનગુણ છે તે ધ્રુવ સદશ છે. તે એકેંદ્રિય અવસ્થાથી સિદ્ધ દશા સુધીમાં ત્રિકાળ એકરૂપ રહે છે. દ્રવ્યનયનો વિષય ત્રિકાળી દ્રવ્યસામાન્ય છે. પર્યાયાર્થિકનયનો વિષય વર્તમાન વિશેષ છે. બન્ને મળીને પ્રમાણજ્ઞાનનો વિષય છે.

ભાવાર્થ:—જેમ જીવદ્રવ્યનો ચેતનગુણ તેની સર્વ અવસ્થામાં રહે છે, અનાદિ અનંત પરમ પારિણામિક ભાવ છે, તે ધ્રુવ સામાન્યસ્વભાવ નિત્ય છે. તેને ઉત્પાદ-વ્યયની પણ અપેક્ષા નથી. બધા ગુણ ગુણપણે સામાન્ય પારિણામિકભાવ છે. ગુણનું વિશેષપણું થવું તે પર્યાય છે. પંચાસ્તિકાય ગાથા ૬૧માં કહે છે કે:—

कुव्वाः सगं सहावं अत्ता कत्ता सगस्स–भावस्स ।

स्वस्य भवनं स्वभावः વિભાવ પણ પોતાનો પર્યાય સ્વભાવ છે. તે પોતા વડે કરાયેલ છે. ગુણ તે ત્રિકાળ છે. તે સર્વ અવસ્થામાં વ્યાપે છે. ગુણમાં ફેરફાર થતો નથી. સામાન્ય એકરૂપ રહે છે. પણ પર્યાય વિશેષથી સમયે-સમયે પરિવર્તન થાય છે, થાય તેને બીજો કોણ કરે? ને ન થાય તેને કોણ કરે?

નયદૃષ્ટિના યથાર્થ જ્ઞાન વિના અને આવી સ્વતંત્રતાના જ્ઞાન વિના ત્યાગી થઈ જાય તે સાચી પરંપરા નથી. પરંપરા તો એવી છે કે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શુદ્ધ ઉપદેશ દ્વારા સમ્યગ્દૃષ્ટિ થવું જોઈએ.

પાત્રતા વિના ગુરુગમ મળે નહિ ને ગુરુગમ વિના સત્ય સમજાતું નથી. કહ્યું છે કે– અનંતકાળમાં સત્પુરુષની સેવા નથી કરી, તેનો અર્થ એ છે કે પોતાની પાત્રતા નહોતી તેથી નિમિત્તનો આરોપ પણ ન આવ્યો, રુચિપૂર્વક સત્ સાંભળ્યું નથી, પરિચય તથા સેવા કરેલ નથી પોતાની પાત્રતા વિના સત્ નિમિત્ત મળ્યું હોવા છતાં તે નિમિત્તકારણ પણ ન કહેવાયું. સ્વતંત્રતા સમજે તો સાચું જ્ઞાન થાય.

જીવ-પરમાણુ વગેરે દ્રવ્યમાં ગુણ છે તે અપ્રગટ શક્તિ સામાન્યરૂપ કાયમ રહે છે. તે પર્યાયમાં વિશેષરૂપે વ્યક્ત (પ્રગટરૂપ) થાય જ છે, એવો ગુણ છે. છયે દ્રવ્યમાં પોતપોતાનો સાધારણ (સામાન્ય) તથા અસાધારણ (વિશેષ) ગુણ સમજવો. જ્ઞાનગુણ ત્રિકાળ એવો ને એવો છે. નિગોદ અવસ્થામાં જ્ઞાન ઓછું વ્યક્ત છે તેથી ત્યાં જ્ઞાનગુણ ઘણો પુષ્ટ છે ને કેવળજ્ઞાન પર્યાય પૂર્ણરૂપ પ્રગટ થઈ ત્યાં અંદર ગુણની શક્તિ ઓછી થઈ ગઈ, કેમકે ગુણ પર્યાયમાં આવી ગયો–તો એમ નથી. [ક્રમશઃ]

## જ્ઞાયક....જ્ઞાયક....જ્ઞાયક

દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ—ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે. દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.

તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે. હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે.—આવો અચળ નિર્ણય હોય છે. સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઊંચે ચડીને—ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે. ૩૮૯.

[ 'વચનામૃત-પ્રવચન' ભાગ-૪ ]

'દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ—ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી.'

જેને નિજ ત્રિકાળશુદ્ધ દ્રવ્યસ્વભાવની યથાર્થ દૃષ્ટિ પ્રગટ થાય છે તેને પરનું—શરીરનું, વાણીનું, કુટુંબનું, દેશનું, ગરીબોનું—હું, સેવા વગેરે, કાંઈ પણ કરી શકું છું એવી ભ્રાન્તિ ટળી જાય છે અને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ—નિજ ચૈતન્ય-દ્રવ્યસામાન્ય જ ભાસે છે, શરીર વગેરે બીજું કાંઈ ભાસતું નથી. ગામના, પ્રાન્તના કે રાષ્ટ્રના કાર્યકરો અભિમાન કરે કે—અમે બધાની સેવા કરીએ છીએ. ભાઈ! કોઈ જીવ અન્ય જીવની સેવા તો કરી શકતો નથી, પણ સેવા વગેરેમાં જડ દેહની ને વાણીની જે ક્રિયા થાય તેને પણ આત્મા કરી શકતો નથી; અરે! સેવા કરવાનો જે રાગભાવ થાય તે પણ આત્માની મૂળ ચીજ નથી, અને તે રાગને જાણનારી એક સમયની પર્યાય

જેટલો પણ આત્મા નથી. આત્મા તો પરથી, વિભાવથી ને એક સમયની પર્યાયથી પાર ત્રિકળી જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ વસ્તુ છે. તેની યથાર્થ દૃષ્ટિ જેને પ્રગટ થાય છે તેને અંતરમાં જ્ઞાયક જ ભાસે છે, શરીર, રાગ કે બીજું અન્ય કાંઈ પોતાપણે ભાસતું નથી.

ભગવાન આત્મા કેવળ જાણનાર-દેખનાર જ્ઞાયક જ છે—એવું દૃષ્ટિનું યથાર્થ જોર ચોથે ગુણસ્થાને—સમ્યગ્દર્શન થતાં જ—પ્રગટ થાય છે. દૃષ્ટિના જોરમાં તેને એકલો ધ્રુવ ચૈતન્ય પ્રકાશ જ ભાસે છે, બીજું—શરીર કે શુભ યોગ વગેરે—કાંઈ ભાસતું નથી. અહા, જુઓને! આ તે કોઈ પુસ્તક આવ્યું છે બહાર!! કહે છે કે—જ્ઞાનીને દૃષ્ટિમાં એકલો આત્મા જ ભાસે છે. પર્યાયમાં રાગ છે, એને ભલે જ્ઞાનમાં જાણે, પણ દૃષ્ટિનું જોર તો ત્રિકાળ દ્રવ્યસ્વભાવ પર છે; દૃષ્ટિના વિષયમાં એકલો જ્ઞાયક જ છે. અહા! આવી વાતો છે. અરે! આખો દી વેપારધંધાનાં પાપમાંથી સાંભળવા માટે નવરો પણ ન થાય, તેને આ વાત કઈ રીતે બેસે? દૃષ્ટિનો વિષય નિર્વિકલ્પ અભેદ જ્ઞાયકદ્રવ્ય છે, તેથી દૃષ્ટિના જોરમાં જ્ઞાનીને એકલો જ્ઞાયક જ ભાસે છે; શરીર, રાગ, દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે નિમિત્તો કાંઈ પણ ભાસતું જ નથી, કેમ કે તે દૃષ્ટિનો વિષય જ નથી.

'ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે.'

દૃષ્ટિની—શ્રદ્ધાની—વાત કહી, હવે તેની સાથે અવિનાભાવી એવા જ્ઞાનની પરિણતિ વિષે કહે છે. દ્રવ્યદૃષ્ટિ થતાં સાથે જે ભેદજ્ઞાન થયું તે શરીર આદિ સમસ્ત પરદ્રવ્યથી અને રાગાદિ સઘળા વિભાવોથી ભગવાન આત્માનું યથાર્થ ભિન્નપણું બરાબર જાણે છે. જ્ઞાનીને ભેદજ્ઞાનની દશા એવી પાકી થઈ જાય છે કે જાગતાં તો શું, પણ સ્વપ્નમાં પણ આત્મા શરીર ને વિભાવથી સ્પષ્ટ જુદો ભાસે છે.

'દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે.'

ઉપર નિદ્રાની વાત ન કહી, પણ નિદ્રામાં જે સ્વપ્ન આવે તેમાં પણ જ્ઞાનીને, ભેદજ્ઞાની પરિણતિ એવી દૃઢ થઈ ગઈ હોય છે કે જેથી, આત્મા શરીરથી જુદો ભાસે છે—એમ સ્વપ્નની વાત કહી. હવે કહે છે કે—દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. સ્વપ્નમાં 'જુદો ભાસે છે' અને ઊંઘમાં 'નિરાળો રહે છે'—એમ 'ભાસે છે' અને 'રહે છે' શબ્દનો પ્રયોગ કર્યો છે. અહા! આ તો સહજપણે નીકળેલી ભાષા છે, તેમાં એકે એક શબ્દની કિંમત છે.

ત્રણ વાત કહી : (૧) દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ ભાસે છે, (૨) સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે, (૩) જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ ઊંઘમાં પણ આત્મા નિરાળો રહે છે. ઊંઘમાં આત્માનું દેહ સાથે કાંઈ એકત્વ થઈ ગયું નથી. ઊંઘ વખતે 'હું ઊંઘમાં છું' એમ ભલે જ્ઞાનમાં ભાસે નહિ તોપણ તે વખતે પણ આત્મા નિરાળો જ રહે છે.

'નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.'

વસ્તુસ્વભાવે તો આત્મા ત્રિકાળ નિરાળો છે જ પણ પર્યાયમાં પ્રગટપણે નિરાળો થઈ જાય છે. ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવે તો મુક્ત અને અબંધસ્વરૂપ જ છે. દ્રવ્ય સ્વભાવે નિરાળું તો છે જ, પણ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરતાં તે પર્યાયમાં પણ પ્રગટ નિરાળું થઈ જાય છે. અહા! બહુ સરસ, બહુ મીઠી-મધુરી ભાષા છે. પોતાની મેળે વાંચે તો સમજાય એવું નથી.

અહા! એક પેરેગ્રાફમાં ઘણી વાત આવી ગઈ. ભાષા ગૂઢ ને ગંભીર છે. દૃષ્ટિના જોરમાં ચૈતન્ય જ ભાસે છે, દયા આદિ નહિ; ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે; જાગતાં જ્ઞાયક નિરાળો રહે—પર્યાયમાં હો!—પણ રાત્રે ઊંઘમાં પણ નિરાળો જ રહે છે; પછી કહે છે કે—આત્મા વસ્તુપણે નિરાળો તો છે જ પણ પર્યાયમાં પણ પ્રગટ નિરાળો થઈ જાય છે. સમજાણું કાંઈ? આત્મા રાગથી નિરાળો ભાસવો, નિરાળો રહેવો, તેનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. અહા! આવી વસ્તુ છે.

'તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાનવૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે.'

પ્રશ્ન:—જો આત્મા નિરાળો રહે છે, તો મુનિને પાંચ મહાવ્રતના વિકલ્પો આવે છે તેનું શું?

ઉત્તર:—આત્મા શ્રદ્ધા, જ્ઞાન ને આંશિક સ્થિરતા અપેક્ષાએ નિરાળો રહેતો હોવા છતાં, જ્ઞાનીને ભૂમિકા પ્રમાણે વિકલ્પ તેમ જ બાહ્ય આચરણ હોય છે, પણ અને તે પ્રસંગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે.

પ્રશ્ન:—'ભૂમિકા પ્રમાણે' કેમ કહ્યું?

ઉત્તર:—ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવર્તી સાધક જીવને પોતપોતાની ભૂમિકા પ્રમાણે વિકલ્પ અને બાહ્ય વર્તન હોય છે. ચોથા ગુણસ્થાને દેવ-શાસ્ત્ર-ગુરુ

પ્રત્યે ભક્તિ, વિનય વગેરેના વિકલ્પો હોય, વ્રત-તપના ન હોય; પાંચમા ગુણસ્થાને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ, વિનય વગેરે ઉપરાંત અણુવ્રતના વિકલ્પ તેમ જ વર્તન હોય; છઠ્ઠા ગુણસ્થાને મુનિરાજને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ, વિનય વગેરે ઉપરાંત પંચમહાવ્રત આદિ ૨૮ મૂળગુણ વગેરેના વિકલ્પ તથા તદનુરૂપ પ્રવર્તન હોય; પણ ગમે તે સંયોગમાં ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને વર્તતા સમકિતીની સહજ જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે. સમયસારમાં (નિર્જરા અધિકાર) આવે છે ને—'सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः'—ભગવાન જ્ઞાયકનું યથાર્થ ગ્રહણ તે જ્ઞાન ને રાગાદિ અભાવ તે વૈરાગ્ય. અહા! જ્ઞાનીની એ જ્ઞાન-વૈરાગ્યધારા કોઈ અલૌકિક જ હોય છે.

'હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે.—આવો અચળ નિર્ણય હોય છે.'

પર્યાયમાં, બહારના વર્તન પ્રમાણે, વિકલ્પ આવે પણ તેની સાથે મારું કદી એકત્વ થયું નથી, હું તો સ્વભાવે સદા જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું. અજ્ઞાન-દશામાં પણ જ્ઞાન ને રાગ એક થયાં નહોતાં પણ અનાદિ અભ્યાસને લીધે 'એક થઈ ગયાં છે' એમ માન્યું હતું. ખરેખર તો સ્વભાવ અને વિભાવ કદી એક થયા નહોતા, થયા નથી અને થશે પણ નહિ. જ્ઞાયકસ્વભાવ તો સદાય છૂટો જ છે, ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે.—જ્ઞાની ધર્માત્માને આવો દૃઢ નિર્ણય હોય છે. માત્ર 'નિર્ણય' હોય છે એમ કહ્યું નથી, પણ 'અચળ' નિર્ણય હોય છે એમ કહીને પોતાના જ્ઞાયક-સ્વરૂપ વિષે પ્રતીતિની અત્યંત દૃઢતા કહી છે. અહા! ટૂંકાણમાં ઘણું જ કહી નાખ્યું છે. આ પુસ્તક તો સૌ પાસે આવ્યું છે, હવે 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ પણ આપવામાં આવ્યું છે. વાંચ્યું હોય તેને સમજવામાં ઠીક પડે. પોતે સમજી રાખ્યું છે તેના કરતાં આમાં કંઈ જુદું જ નીકળે છે એમ તેને લાગે.

'સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે.'

જ્ઞાની ધર્માત્માને 'હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, શુભાશુભ વિભાવ ને હું કદી એક નથી થયા' એવી ભેદજ્ઞાનની પરિણતિ વડે જ્ઞાન-વૈરાગ્યની એવી કોઈ અચિન્ત્ય શક્તિ પ્રગટી છે કે જેને લીધે તેની દશા પર ને વિભાવથી જુદી જ રહે છે; અને તેથી તેને સ્વરૂપ-અનુભવમાં અત્યન્ત નિઃશંકપણું વર્તે છે.

'જ્ઞાયક ઊંચે ચડીને—ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે.'

શુભાશુભ રાગ હોય કે મતિજ્ઞાન આદિની ઓછીવત્તી પર્યાય હોય, પણ જ્ઞાયક એટલે કે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય તેમનાથી ભિન્નપણે ઊંચે ચડીને, મુખ્ય થઈને, ઊર્ધ્વપણે—અધિકપણે બિરાજે છે, બીજું બધું—ગુણભેદ, પર્યાય કે શુભાશુભ વિભાવ વગેરે સઘળું—નીચે રહી ગયું હોય છે, ગૌણ અર્થાત્ મૂલ્યહીન તુચ્છ થઈ ગયું હોય છે. રાગના કાળે પણ જ્ઞાયકભાવ રાગથી ભિન્ન નિરાળો જ વર્તે છે. જ્ઞાયક 'ઊંચે ચડીને' બિરાજે છે એટલે કે જ્ઞાયક રાગાદિથી 'જુદો' ને 'અધિકપણે' વર્તે છે. જ્ઞાયકભાવ સદા ઊર્ધ્વપણે વર્તે છે અને બીજું બધું—દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ, અરે! પર્યાયમાત્ર ને ગુણભેદ પણ—હેઠે રહી ગયું હોય છે. અહા! આવું છે વસ્તુનું સ્વરૂપ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે કહ્યું છે તે આ રીતે છે. 'બીજું બધું નીચે રહી ગયું હોય છે'—તેનો અર્થ એમ છે કે અધિક ને પરિપૂર્ણ એવો જે જ્ઞાયકભાવ તેનાથી બીજું બધુંય નીચે અર્થાત્ ભિન્ન રહી જાય છે. જ્ઞાયકસ્વભાવને મુખ્ય કહ્યો તો તેની સામે બીજા બધા ભાવોને ગૌણ કહ્યા. જ્ઞાયકની મુખ્યતામાં બીજા બધા ભાવો ગૌણ થઈ જાય છે. શુભાશુભ વિભાવો, ઓછીવત્તી પર્યાયો કે ગુણભેદને ગૌણ કરીને શુદ્ધ, પરિપૂર્ણ ને અભેદ એવા નિજ જ્ઞાયકભાવને દૃષ્ટિ તેમ જ જ્ઞાનમાં મુખ્યપણે ગ્રહવો તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. —૦—


અધ્યાત્મવિદ્યાધામ સોનગઢમાં—

## પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રીના 'અમૃત-જન્મોત્સવ'ના શુભાવસર (તા. ૨૨-૮-૮૮ થી ૨૯-૮-૮૮) પર અધ્યાત્મ-વિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૧૦-૮-૮૮ બુધવારથી તા. ૨૯-૮-૮૮ સોમવાર સુધી ૨૦ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થી મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચનાઃ—શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. પોતાનું બેડીંગ તેમ જ અન્ય આવશ્યક વસ્તુ તથા સમયસાર, પ્રવચનસાર, દ્રવ્યસંગ્રહ, છઢાળા, પ્રશ્નોત્તરમાળા—પાઠ્યપુસ્તક—પોતાની પાસે હોય તો જરૂર સાથે લાવે.

# શુદ્ધ આત્મા ખરેખર ઉપાદેય છે

[ શ્રી નિયમસાર શાસ્ત્ર, ગાથા-૪૩ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**શુદ્ધ આત્મા ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહથી રહિત નિરાગ છે.**

ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ આત્માની એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવ તે બધા પરિગ્રહથી રહિત છે તેમાં અરતિના પરિણામ શુદ્ધ આત્મામાં નથી એ વાત આવી ગઈ છે.

**શોક:**—શોક એક સમયની પર્યાયમાં છે પણ શુદ્ધ સ્વભાવમાં શોક નથી. ધર્મી જીવને શોકના પરિણામ હોવા છતાં શોકને દૃષ્ટિ અપેક્ષાએ પરિગ્રહ નથી. સ્વભાવનું ભાન થયું છે તેથી શોકનું જ્ઞાન થાય છે.

**ભય:**—એક સમયની પર્યાયમાં ભયના પરિણામ થાય છે પણ સ્વભાવની દૃષ્ટિથી આત્મા ભય વિનાનો છે અર્થાત્ નિર્ભય છે. પોતે નિર્ભય જ્ઞાનસ્વભાવી આત્મા છે એવું જ્ઞાન થતાં ભયનું જ્ઞાન થઈ જાય છે. ભયનું જ્ઞાન પણ ભયથી થતું નથી. જ્ઞાન ભયનું નથી, જ્ઞાન આત્માનું છે. અજ્ઞાની જીવને પર્યાયબુદ્ધિ છે તેથી ભય લાગે છે. સ્વભાવ-દૃષ્ટિવંતને પર્યાયબુદ્ધિનો અભાવ છે તેથી તે નિર્ભય છે.

**જુગુપ્સા:**—ગ્લાનિના પરિણામ એક સમયની પર્યાયમાં છે, આત્મામાં તે પરિણામ નથી. ગ્લાનિનું જ્ઞાન ગ્લાનિથી થતું નથી પણ ગ્લાનિ રહિત શુદ્ધ ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન થતાં પર્યાયમાં થતી ગ્લાનિનું જ્ઞાન થઈ જાય છે ને તે પોતાના સ્વભાવમાં નાસ્તિરૂપે છે એમ જ્ઞાની જાણે છે.

**ક્રોધ-માન-માયા-લોભ:**—કષાયના પરિણામ એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ આત્મામાં તેનો અભાવ છે, મારો આત્મા શુદ્ધ છે એવું જ્ઞાન કરતાં કષાય મારામાં નથી એમ જ્ઞાન થઈ જાય છે.

આ રીતે ચૌદે પરિગ્રહનો અભાવ હોવાથી આત્મા નિરાગ છે.

ધર્મી જીવને લડાઈના પરિણામ હોવા છતાં શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિના કારણે મુખ્ય-પણે નિર્જરા છે. મિથ્યાદૃષ્ટિ મુનિને દયાના પરિણામ હોવા છતાં પર્યાયબુદ્ધિના કારણે તે બંધ દશાને પામે છે.

કોઈ પૂછે કે આમાં ધર્મ શું આવ્યો ? ચૌદ પરિગ્રહ પર્યાયમાં છે. શુદ્ધસ્વભાવ પરિગ્રહ રહિત છે એવું યથાર્થ જ્ઞાન થતાં ધર્મદશા પ્રગટ થાય છે. આમાં દયા પાળવાનો કે એવો બીજો કાંઈ ધર્મ ન આવ્યો એમ કોઈ કહે તો તેને કહેવામાં આવે છે કે પરની

દયા તો તું પાળી શકતો નથી ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં પરિગ્રહની પકડને અભાવ છે. આત્મા નિરાગ છે એવી દૃષ્ટિ થઈ તે સ્વદયા છે ને તે જ ધર્મ છે. શુદ્ધ સ્વભાવની રુચિ કરવી તે જ પ્રથમ ધર્મ છે. સમ્યગ્દષ્ટિ જીવને લડાઈના પરિણામ હોવા છતાં ને અસ્થિરતાના ક્રોધ, માનનો અલ્પ બંધ હોવા છતાં અલ્પ ક્રોધ, માન જેટલો હું નથી, હું તો શુદ્ધસ્વરૂપી નીરાગ આત્મા છું એવું ભાન છે. બાહ્ય ક્રિયા હાથી ઉપર બેસવાની હોય, બાણથી બીજાને મારતો દેખાતો હોય છતાં પણ ક્રોધ એક સમયનો પર્યાય છે, તેથી મારા નીરાગ સ્વભાવમાં નાસ્તિ છે એમ જ્ઞાનનું અસ્તિપણું ને વિકારનું નાસ્તિપણું વર્તે છે. ધર્મીને શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ હોવાથી મુખ્યપણે નિર્જરા વર્તે છે. શ્રદ્ધા-જ્ઞાન અપેક્ષાએ તેને અહિંસા વર્તે છે ને મિથ્યાદૃષ્ટિ મુનિ જે વ્રતાદિના પરિણામને પોતાના માને છે ને એટલો જ આત્મા માને છે તેને નીરાગ આત્માનું ભાન નથી, પરિગ્રહની પકડ વર્તે છે. તે જીવ બાહ્યમાં દયા પાળતો દેખાતો હોય છતાં પણ પોતાના ચૈતન્યસ્વભાવનો અનાદર હોવાથી તે પોતાની સ્વ-હિંસા કરી રહ્યો છે ને બંધદશાને પામી રહ્યો છે. આમ સાચી દૃષ્ટિએ મોક્ષમાર્ગ છે ને વિપરીત દૃષ્ટિએ સંસારમાર્ગ છે.

**"સંયોગી ભાવોને પોતાના માનવા તે સંસાર છે ને સંયોગી ભાવ રહિત નીરાગ આત્માને માનવો તે ધર્મ છે."**

પર પદાર્થોના સંયોગોને પોતાના માની લેવા તે તો સ્થૂલ ભૂલ છે પણ દયા-દાનાદિ તથા હિંસા, જૂઠું, ચોરી આદિ સંયોગી ભાવમાં જ આત્માને આખો માની લેવો તે સંસાર છે. પર પદાર્થોનો આત્મામાં સદાય અભાવ છે અને પર્યાયમાં થતાં સંયોગી-ભાવોનો શુદ્ધ આત્મામાં અભાવ છે—એવા શ્રદ્ધા-જ્ઞાન થતાં પર્યાયમાં પણ સંસારના અભાવનું પરિણમન થતું જાય છે ને શુદ્ધદશાની પ્રાપ્તિ થાય છે. ભરત–બાહુબલીને લડાઈના પરિણામ હોવા છતાં તથા બાહુબલીને મુનિ અવસ્થામાં માનના પરિણામ હોવાં છતાં સ્વભાવની દૃષ્ટિ હતી, અલ્પ માનાદિ પર્યાયનો સ્વીકાર ન હતો પણ શુદ્ધ ચૈતન્ય-સ્વભાવનો સ્વીકાર હતો, તેથી સમયે સમયે નિર્જરા થતી હતી, ત્રિકાળી શુદ્ધ સ્વભાવની અસ્તિ ને એક સમયના વિકારની સ્વભાવમાં નાસ્તિ તે ધર્મ છે ને એક સમયના વિકારની અસ્તિ ને ત્રિકાળી સ્વભાવની નાસ્તિ આવી કબૂલાત તે અધર્મ છે. ચૌદ પરિગ્રહથી રહિત આત્મા નીરાગ છે એવી દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

**"જ્ઞાનશરીરવાળો પવિત્ર આત્મા રાગ-દ્વેષરૂપી કચરાને ધોઈ નાખે છે. માટે આત્મા નિર્દોષ છે."**

"નિશ્ચયથી સમસ્ત પાપમળ કલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ, સહજ પરમ વીતરાગ સુખ–સમુદ્રમાં મગ્ન (ડૂબેલી–લીન) પ્રગટ સહજાવસ્થારૂપ જે સહજ-જ્ઞાન-શરીર તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે.

કેવો છે આત્મા? ત્રિકાળ નિર્દોષ છે. અહીં પાપ એટલે વિકાર સમજવો. દયા, દાન, વ્રત, કામ, ક્રોધ વગેરે પુણ્ય-પાપના ભાવો વિકાર છે, પાપ છે, કલંક છે. તેવા સમસ્ત પાપમળ કલંકરૂપી કાદવને ધોવાને આત્મા સમર્થ છે. આત્મા સહજ પરમ વીતરાગ સુખ-સમુદ્ર છે, તેમાં સ્વાભાવિક જ્ઞાન અવસ્થા ડૂબેલી છે. અહીં ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં ડૂબેલી કારણશુદ્ધપર્યાયરૂપ જે સહજ જ્ઞાનશરીર છે તેના વડે આત્મા પવિત્ર છે. ત્રિકાળી જ્ઞાનશરીર સ્વભાવમાં વીતરાગી અવસ્થા ડૂબેલી છે તે સહિત આખો આત્મા રાગદ્વેષરૂપી સંસારના મેલને ધોઈ નાખવામાં સમર્થ છે. દયા, દાનાદિની વૃત્તિ ઊઠે છે તે કાદવ છે, તેની સામે "ज्ञानगात्र" એટલે જ્ઞાનશરીર છે કે જે કાદવને ધોઈ નાખે છે. એટલે આવા જ્ઞાનસ્વભાવ તરફની અંતરદૃષ્ટિ કરતાં પાપમળ ધોવાઈ જાય છે.

આત્માનું સ્વરૂપ નિર્દોષ છે. ઔદારિક શરીર તો માતાપિતાના નિમિત્તે મળેલું છે પણ આત્માનું જ્ઞાનશરીર કોઈના નિમિત્તે ઉત્પન્ન થયું નથી. માટે સહજ કહ્યું છે. પુણ્ય આદિના વ્યવહારથી શુદ્ધ આત્માનો સ્વભાવ પમાતો નથી. તેમજ વ્યવહારથી વ્યવહારનું જ્ઞાન પણ થતું નથી. પણ આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે, એવું જ્ઞાન થતાં વિકલ્પ ને નિમિત્તનું જ્ઞાન થઈ જાય છે. આમ આત્મા નિર્દોષ સ્વરૂપ છે. જે સમસ્ત પાપને ધોવામાં સમર્થ છે.

**જ્ઞાનાદિ અનેક ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને આત્મા જાણે છે માટે આત્મા નિર્મૂઢ છે.**

"સહજ નિશ્ચયનયથી સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર, સહજ-પરમ વીતરાગ સુખ વગેરે અનેક પરમ ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતા રહિત) છે."

આત્મામાં અનેક ધર્મો છે તેમાં સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર સહજ પરમ વીતરાગ સુખ વગેરે છે. વીર્ય વગેરે ગુણો તેમાં આવી જાય છે. નિશ્ચયનયથી તે અનંતા ધર્મોનો આધાર નિજ પરમતત્ત્વ છે. ધર્મો અનેક છે ને ધર્મી એક છે. અહીં આત્મા એટલે ત્રિકાળી શુદ્ધભાવ, ત્રિકાળી શુદ્ધભાવ અનંતા ગુણોનાં અભેદ નિજ પરમતત્ત્વને જાણવાને સમર્થ છે. તેથી આત્મા મૂઢતા રહિત છે. અહીં વર્તમાન પર્યાયની વાત નથી. ત્રિકાળ ચૈતન્યસ્વભાવની વાત છે. ત્રિકાળ પોતાને જાણવાના સ્વભાવવાળો છે. અહીં એકલા સ્વને જાણવામાં સમર્થ છે, એકલી સ્વની વાત લેવી છે. ધ્રુવ પર્યાય સહિત આત્માનો શુદ્ધસ્વભાવ જાણે તે નિશ્ચય છે ને તેથી આત્મા મૂઢતા રહિત છે ને જે પર્યાય આવો આત્મા કબૂલે તે પર્યાય વ્યવહારનયમાં જશે તે હવે કહેશે.

**કેવળજ્ઞાન ત્રણલોકના પદાર્થોનાં દ્રવ્ય ગુણ પર્યાયને એક સમયમાં જાણે છે. આવા નિર્મળ કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે.**

"અથવા સાદિ–અનંત અમૂર્ત અતીંદ્રિય સ્વભાવવાળા શુદ્ધ-સદ્ભૂત-વ્યવહારનયથી ત્રણકાળના અને ત્રણલોકના સ્થાવર–જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્ય–ગુણ–પર્યાયોને એક સમયે જાણવામાં સમર્થ સકળ–વિમળ ( સર્વથા નિર્મળ ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે."

નિર્મૂઢતાનો બીજો બોલ છે. તેમાં કેવળજ્ઞાનની વાત કરે છે. આત્માનું ભાન સાધક-દશામાં છે. પણ તે અધૂરી પર્યાયની વાત ન કરી પણ પૂર્ણ કેવળજ્ઞાન પર્યાયની વાત લીધી છે. શુદ્ધ કારણપરમાત્માના આશ્રયે પ્રગટ થતી કાર્યરૂપ કેવળજ્ઞાનપર્યાય કેવી છે? તે નવી પ્રગટ થઈ છે ને અનંતકાળ સુધી ટકે છે માટે સાદિ અનંત છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાની છે માટે અમૂર્ત છે. ઈન્દ્રિયોના નિમિત્ત વિના આત્માથી સીધી પ્રગટેલી છે માટે અતીન્દ્રિય સ્વભાવવાળી એમ કહ્યું. કેવળજ્ઞાન સમસ્ત પદાર્થોને શુદ્ધ સદ્ભુત વ્યવહારનયથી જાણે છે. કેવળજ્ઞાનમાં કાંઈ પણ અશુદ્ધિ નથી માટે શુદ્ધ, પોતાની પર્યાય છે માટે સદ્ભૂત ને આત્મા અને કેવળજ્ઞાનની પર્યાય એવો ભેદ પડે છે માટે વ્યવહાર–આમ શુદ્ધ-સદ્ભૂત-વ્યવહારનય કહ્યો છે. તે કેવળજ્ઞાન ત્રણલોકના ને ત્રણકાળના જડ ને ચેતન, સ્થિર તેમજ ગમન કરતા હોય તેવા બધા પદાર્થોને જાણે છે. બધા પદાર્થોના દ્રવ્ય–ગુણ–પર્યાયોને એક સમયમાં જાણવાને સમર્થ છે. તે કેવળજ્ઞાન સર્વથા નિર્મળ છે. તેમજ પ્રગટ થયા પછી ખસતું નથી માટે અવસ્થિત છે. આમ કેવળજ્ઞાન સાદિ અનંત કાળ ટકી રહે છે ને બધાને જાણે છે માટે આત્મા નિર્મૂઢ છે. કેવળજ્ઞાન સ્વ ને પર બન્નેને જાણે છે.

પ્રથમ નિર્મૂઢના બોલમાં નિશ્ચયથી સહજ જ્ઞાનસ્વરૂપ સહિત દ્રવ્ય એવું જે નિજ પરમતત્ત્વ તેને આત્મા જાણે છે. તે નિશ્ચયનયનો વિષય છે ને તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે ને તે આદરણીય છે. અહીં નિર્મૂઢના બીજા બોલમાં સ્વ–પર જાણતું જે કેવળજ્ઞાન તે વ્યવહારનયનો વિષય છે તે આદર કરવા જેવો નથી, કારણ કે નીચલી દશામાં કેવળજ્ઞાન પર્યાય નથી ને તેનો વિચાર કરવાથી રાગ થાય છે તે સમ્યગ્દર્શનનું કારણ નથી તે જ્ઞાન કરવાનો વિષય છે. આમ કેવળજ્ઞાન અપેક્ષાએ પણ આત્માને નિર્મૂઢ કહ્યો.

કોઈ કહે કે આવી વાત સાંભળતા માથું ફરી જાય છે પણ ભાઈ, તને રસ નથી એટલે એમ લાગે છે. પચાસ લાખ રૂપિયાની મૂડીવાળા ગૃહસ્થને ત્યાં પચાસ વર્ષે પહેલ-વહેલો દીકરો જન્મે તો તેની મા તેનાં ગાણાં ગાય તેમાં ખામી રાખે નહિ. તેમ પદ્મપ્રભમલધારિદેવ મુનિરાજે શુદ્ધભાવ, પરમભાવ વગેરેથી આત્માનાં ગાણાં ગાવામાં ખામી રાખી નથી, એકલાં શુદ્ધભાવનાં જ ગાણાં ગાયા છે.

ત્રિકાળી શુદ્ધ અંતતત્ત્વમાં રાગદ્વેષરૂપી શત્રુ પ્રવેશી શકતા નથી માટે આત્મા નિર્ભય છે.

સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દૂર્ગમાં (કિલ્લામાં) વસ્તો હોવાથી આત્મા નિર્ભય છે. આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.

અહીં પાપનો અર્થ વિકાર લેવો. તેમાં શુભ તથા અશુભ બન્ને આવી જાય છે. શુભાશુભ ભાવોનાં અસંખ્ય ભેદ છે. તે સમસ્ત વિકાર આત્માની શુદ્ધતાને રોકે છે, માટે શત્રુ કહ્યા, ને જ્યાં સુધી આત્માની નબળાઈ છે ત્યાં સુધી વિકારનું જોર હોય પણ શુદ્ધ અંતઃતત્ત્વરૂપી એવો મજબૂત કિલ્લો છે કે એમાં વિકારની સેના પ્રવેશ પામી શકતી નથી. જગતમાં રાજાઓ પણ એવો અભેદ કિલ્લો બનાવે છે કે તેમાં શત્રુ પેસી ન શકે, તથા શત્રુની ગોળી લાગી ન શકે. તેમ કારણપરમાત્મા અથવા એકરૂપ શુદ્ધસ્વભાવમાં પુણ્ય-પાપરૂપી ઉદયભાવનો કદી પણ પ્રવેશ નથી. જેમ કિલ્લામાં રાજા બેઠો હોય છે તેમ અહીં ચૈતન્ય ભગવાન રાજા અંતઃતત્ત્વમાં શુદ્ધ સ્વભાવમાં બિરાજે છે. તેમાં સંસારની વિકારની સેના પ્રવેશી શકતી નથી. અહીં અંતઃતત્ત્વનો અર્થ અંતરાત્મા ન લેવો. અંતરાત્મા તો નવી પ્રગટતી નિર્મળ પર્યાય છે. અહીં અંતઃતત્ત્વ એટલે અનાદિ અનંત એકરૂપ રહેતો શુદ્ધભાવવાળો કારણપરમાત્મા લેવો, જેનાં દ્રવ્ય, ગુણ, પર્યાય એકરૂપ શુદ્ધ છે. આમ અંતઃતત્ત્વરૂપ કિલ્લામાં વસ્તો હોવાથી આત્મા નિર્ભય છે. અહીં તો જીવો નાની નાની વાતમાં પણ ડરે. પણ ભાઈ! નિર્ભય આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતા કર તો ભય ઉત્પન્ન જ થશે નહિ.

આ પ્રમાણે આત્મા નિર્દંડ, નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ, નિરાલંબ, નિર્દોષ, નિર્મૂઢ ને નિર્ભય છે. આવો આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં લેવા જેવો છે. કેમકે તેના લક્ષે ધર્મદશા પ્રગટે છે.

[ ક્રમશઃ ]

—*—

[ વૈરાગ્ય સમાચાર....પાનું ૨૭ ]

* બોટાદનિવાસી શ્રી લખુભાઈ નાગરદાસ ભાલાણી (વર્ષ-૮૨) તા. ૧-૭-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી શ્રી જયાબેન લખુભાઈ ભાલાણી (વર્ષ-૮૦) પ્રથમ જેઠ વદ-૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી (હાલ-ભાયંદર) ચંદ્રકાંત નાનાલાલ ભાલાણી (વર્ષ-૫૯) હાર્ટફેઈલ થવાથી તા. ૧-૫-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

(તા. ૧૦-૭-૮૮)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ—ભરતક્ષેત્રનું વિદેહધામ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી સમયસાર' ઉપર તેમ જ સાંજે 'શ્રી છ-ઢાળા' ઉપર અધ્યાત્મ-રહસ્યસભરપૂર ટેપ–પ્રવચન, બપોરે 'શ્રી સમયસાર' ઉપર બ્ર૦ શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન તેમ જ જિનેન્દ્રભક્તિ, સવારના ટેપ–પ્રવચન પછી પુરુષો માટે 'મોક્ષમાર્ગપ્રકાશક' ઉપર શિક્ષણવર્ગ, રાત્રે (શ્રી ગોગીદેવી બ્ર૦ આશ્રમમાં) બ્ર. બહેનો દ્વારા મહિલા–શાસ્ત્રસભા, વિશેષ પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમ જ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવભીના અધ્યાત્મ–અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

* **શ્રી નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વઃ**– તા. ૨૨-૭-૮૮ શુક્રવારથી તા. ૨૯-૭-૮૮ શુક્રવાર સુધી શ્રી નંદીશ્વરજિનાલયમાં 'પંચમેરુ–નંદીશ્વર વિધાનપૂજા' તેમ જ નંદીશ્વરાદિ ભક્તિપૂર્વક ઉજવવામાં આવશે.

* **શ્રી વીરશાસન જયંતીઃ**–તા. ૨૯-૭-૮૮ શુક્રવારના રોજ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર—

* બોટાદનિવાસી શ્રી ભોગીલાલ વીરચંદ ડગલી (વર્ષ–૬૨) તા. ૮–૬–૮૮ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી ચંપાબેન ત્રીકમલાલ શાહ (વર્ષ–૮૮) જેઠ વદ–૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી કંકુબેન વઢવાણવાળા (વર્ષ–૮૫) તા. ૭–૭–૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૪૪ વર્ષથી સોનગઢ સ્થાયી રહેતા હતા.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૬ ]

સોનગઢના ગોપાલ-સમાજ તેમ જ પશુધન રાખનાર અન્ય સમાજ તરફથી—

# આ ભા ર દ ર્શ ન

કુદરતના પ્રકોપના કારણે ગુજરાતમાં આ વર્ષે ત્રીજો દુષ્કાળ હતો. પશુધનને બચાવી લેવાની પૂરી મુશ્કેલી હતી. આવા ભીષણ દુષ્કાળમાં પશુધનને કેમ બચાવી લેવું ?–એવી ચિંતા શ્રી દલીચંદભાઈ ત્રિભોવનદાસ ખારાને થઈ, પરંતુ આ કાર્ય નાનુસૂનું ન હતું તેથી તેઓએ શ્રી વ્રજલાલભાઈ જેઠાલાલ શાહને મળીને આ અંગે વાતચીત કરી ફળસ્વરૂપ આવી કપરી પરિસ્થિતિમાં શ્રી વ્રજલાલભાઈ જેઠાલાલ શાહના કિંમતી માર્ગ દર્શનથી 'કહાનગુરુ જનકલ્યાણ ટ્રસ્ટ' અસ્તિત્વમાં આવ્યું. તેમના તેમ જ સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની પ્રેરણાથી ગૌસેવાનું કામ શ્રી દલીચંદભાઈ ખારાએ સંભાળ્યું.

'કેટલ-કેમ્પ' ખોલવામાં આવ્યો. તેમાં (૧) કહાનગુરુ જનકલ્યાણ ટ્રસ્ટ, (૨) ભણસાળી ટ્રસ્ટ (મુંબઈ), (૩) જસાણી ટ્રસ્ટ (મુંબઈ), (૪) સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સેવા સંઘ વગેરે અનેક ટ્રસ્ટ, (૫) સરકારશ્રી તરફથી સબસીડી, સોનગઢ-મુમુક્ષુમંડળ તેમ જ ગ્રામજનો તથા અમેરિકા, લંડન અને મુંબઈ, કલકત્તા, અમદાવાદ વગેરેના દાનપ્રિય મહાનુભાવો તરફથી બહુમૂલો સહકાર મળવાથી સોનગઢનું પશુધન ઊગરી ગયું છે. આવા શુભ કાર્ય માટે ઉપરોક્ત અનેક ટ્રસ્ટો, તેમ જ મહાનુભાવોનો અમે-પશુધન રાખનાર સોનગઢના સમાજે—હાર્દિક આભાર માનીએ છીએ.

સોનગઢ માનવ જીવદયા રાહત ટ્રસ્ટ દ્વારા અત્યંત શ્રમ લઈને 'કેટલ-કેમ્પ'ની વ્યવસ્થાનું સંચાલન કરવા બદલ શ્રી દલીચંદભાઈ ખારા તથા તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો અને સોનગઢ ગ્રામના, આ કામમાં સહયોગ આપ્યો હોય તે બધા કાર્યકર્તાઓનો પણ આ તકે સહૃદય આભાર માનવામાં આવે છે.

આવી કારમી પરિસ્થિતિમાં ગૌરક્ષાનું જે ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પડયું તે ખરેખર તો કૃપાળુ કહાન ગુરુદેવનો જ પરમ પ્રતાપ છે. કૃપાળુ કહાન ગુરુદેવની આ પાવન તપોભૂમિમાં તેઓશ્રીના આશીર્વાદથી પૂજ્ય બહેનશ્રીની છત્રછાયામાં જીવદયાનું આ કાર્ય ઉપાડી લેવા બદલ અમે સૌ કૃપાળુ કહાન ગુરુદેવનો ને પૂજ્ય બહેનશ્રીનો વંદન સહ આભાર માનીએ છીએ.

વૈરાગ્ય સમાચાર :—

# પૂજ્ય બહેન શાંતાબેનનો સ્વર્ગવાસ

પૂજ્ય બહેન શાંતાબેન મણિલાલ ખારા( વર્ષ ૭૯ )નો દુઃખદ દેહવિલય રાજકોટ મુકામે દ્વિતીય જેઠ સુદ ૧૦, શુક્રવાર, તા. ૨૪-૬-૮૮ના રોજ રાત્રે ૧૦-૫ કલાકે થયો હતો. જેના સમાચાર વાંચીને મુમુક્ષુસમાજમાં વૈરાગ્યભીના વિષાદનું વાતાવરણ વ્યાપી ગયું હતું. બહેન શાંતાબેનના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર સોનગઢમાં તા. ૨૫-૬-૮૮ના રોજ સાંજે કરવામાં આવ્યો હતો.

પ્રસંગોપાત બહેન શાંતાબેન ખારા કુટુંબની સાથે પૂજ્ય ગુરુદેવના દર્શન કરવા ગઢડા આવેલાં. ત્યાર પછી તેમનાં માસીબા સમરતબેન સાથે પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન કરવા તથા તેમની જ્ઞાનવૈરાગ્યરસભરી અમૃતવાણીનો લાભ લેવાં, જે ગામમાં ગુરુદેવ ચાતુર્માસ રહ્યા હોય ત્યાં, તેઓ આવતાં-જતાં.

વિ. સં. ૧૯૮૯માં પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેને પણ, સમ્યક્ત્વ ને સ્વાનુભૂતિ પ્રાપ્ત થયા પછી, પરમપૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણી અમૃતવાણીનો સતત લાભ લેવા અર્થે તે પ્રમાણે ચાર મહિના રહેવાનું શરૂ કર્યું. તે વખતે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ બહેન શાંતાબેનને કહ્યું : 'આ બહેન ( ચંપાબેન ) બહુ પાત્ર છે, ગંભીર છે. વિચારક છે, ઊંડપ છે, અને વૈરાગી છે, ઠરેલ છે, તમને લાભ થાય તેવાં છે. તમારે તેમનો લાભ લેવા જેવો છે.'—એ રીતે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાભીની ભલામણથી ચાતુર્માસમાં પૂજ્ય ભગવતી માતા બહેનશ્રી ચંપાબેન સાથે રહેવાનો બહેન શાંતાબેનને યોગ સાંપડ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૧માં 'પરિવર્તન' કર્યું. થોડાક સમય પછી બન્ને બહેનો સોનગઢ આવ્યાં અને સાથે જ રહેવાનું રાખ્યું.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની કલ્યાણી છાયામાં રહીને તેમની સાથે બહેન શાંતાબેને પણ દેવ-ગુરુની ભક્તિનો અનેકવિધ લાભ લીધો હતો. બહેન શાંતાબેન સ્વભાવના, હિંમતવાળાં અને ઉલ્લાસવૃત્તિવાળાં હતાં; જેથી તેમને બીજાઓ સાથે વાતચીત વગેરેનો યોગ વિશેષ રહેતો; દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, પંચકલ્યાણક

વગેરે પ્રભાવનાના કાર્યોમાં પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેન સાથે બહે શાંતાબેન પણ જોડાતાં હતાં. એ રીતે તેઓશ્રીએ દેવ-શાસ્ત્ર-ગુરુનાં કાર્યમાં ભક્તિભાવે ઉલ્લાસભાવે ભાગ લીધો હતો.

તેઓ પૂજ્ય બહેનશ્રી સાથે રહી જિનેન્દ્રદેવની સમૂહપૂજા તેમ જ મંડલવિધાન પૂજામાં ઉલ્લાસથી ભાગ લેતાં. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના બપોરના પ્રવચન પછી દરરોજ નિયમિત થનારી જિનેન્દ્રભક્તિમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની સાથે ભક્તિગીતો પણ ગવરાવતાં. પૂજ્ય ગુરુદેવના સવારના પ્રવચન પછી જિનમંદિરમાં પૂજ્ય બહેનશ્રી ધ્યાનમાં બેસતાં ત્યારે તેઓ પણ બેસતાં. રાત્રે મહિલાશાસ્ત્રસભામાં પૂજ્ય બહેનશ્રીના શાસ્ત્રવાંચન પછી બહેન શાન્તાબેન પણ શાસ્ત્રવાંચન કરતાં. પૂજ્ય બહેનશ્રી સાથે તેઓ પણ પૂજ્ય ગુરુદેવને આહારદાનનો લાભ લેતાં અને તેથી પ્રમુદિત થતાં.

વિ. સં. ૨૦૦૮માં શ્રી ગોગીદેવી શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમનું નિર્માણ થયું. પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાથે બહેન શાન્તાબેન પણ આશ્રમમાં રહેવા આવ્યાં. આશ્રમનાં ખાસ ખાસ કેટલાંક કાર્યોમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાથે તેઓ ભાગ લેતાં અને કેટલાંક કાર્યોમાં પૂજ્ય બહેનશ્રીના નેતૃત્વમાં બહેન શાંતાબેન સેવા આપતાં.

એ રીતે બહેન શાન્તાબેને પરમ પૂજ્ય પરમતારણહાર ગુરુદેવશ્રીની અમૃત-વાણીના શ્રવણનો તથા ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સાથે રહેવાનો ઘણાં વર્ષો સુધી લાભ લીધો હતો; તદુપરાંત પૂજ્ય ગુરુદેવના સાતિશય પ્રભાવનાયોગે થયેલાં જિનમંદિરો, પંચકલ્યાણક-મહોત્સવો, વેદીપ્રતિષ્ઠાઓ, તીર્થયાત્રાઓ વગેરેનો પણ તેમને, પૂજ્ય બહેનશ્રી સાથે રહીને, અનુપમ લાભ મળ્યો હતો.

આવા ધર્મપ્રેમીના ચિરવિયોગથી તેમના કુટુંબીઓને તેમ જ મુમુક્ષુસમાજને વિષાદ થવો સ્વાભાવિક છે, પણ કુદરતના ક્રમ પાસે વૈરાગ્યભીનું સમાધાન એ જ સાચું સાંત્વન છે.

દિવંગત આત્મા દેવ-ગુરુ-ધર્મના પુનિત પ્રતાપે શીઘ્ર પૂર્ણાનંદદશાને પ્રાપ્ત થાઓ—એ જ વૈરાગ્યરસભીની અંજલિ.......................................—તંત્રી

સોનેરી અવસર | પધારજો સોનગઢ

# અમૃત–જન્મોત્સવ

**સુવર્ણપુરીમાં ભવ્યતાથી ઉજવાનાર, પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૭૫ માં વર્ષનો, અમૃત–જન્મોત્સવ.**

અત્યંત આનંદોલ્લાસ પૂર્વક જણાવવાનું કે—અધ્યાત્મ-યુગસ્રષ્ટા, સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ, પરમાગમરહસ્યોદ્ઘાટક, સ્વાનુભૂતિ-પથપ્રકાશક. કરુણાસાગર, પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત પ્રશમરસનિમગ્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૫ મી મંગલ જન્મજયંતી (શ્રાવણ વદ–બીજ)ના ઉપલક્ષમાં તા. ૨૨–૮–૮૮ સોમવારથી તા. ૨૯–૮–૮૮ (શ્રાવણ વદ બીજ) સુધી આઠ દિવસનો અતિ ભવ્ય ઉત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ પવિત્ર સમારોહ ‘શ્રી જિન સહસ્રનામવિધાન મહાપૂજા’, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવમસ્તીભર્યા આધ્યાત્મિક વિડિયો-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસપૂર્ણ વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ફિલ્મ દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન, આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ તથા ઘાટકોપર તેમ જ વઢવાણની ભજનમંડળી દ્વારા જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, તા. ૧૦–૮–૮૮ બુધવારથી તા. ૨૯–૮–૮૮ સોમવાર સુધી ચાલનારો વીસ દિવસીય પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ, પૂજ્ય બહેનશ્રીના સાધનામય જીવનના વિષયમાં સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ મનોરમ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે.

સમાગત મહેમાનો માટે આવાસ–ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. સર્વે સાધર્મીઓને આ મહાન અવસરનો લાભ લેવા હાર્દિક અનુરોધ છે.

સૂચના:—‘શ્રી જિનસહસ્રનામમંડલપૂજા’નો પ્રારંભ તા. ૨૦–૮–૮૮ શનિવારથી થશે.

—નિવેદક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

તેમ જ

શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સોનગઢ

દુર્લભ મનુષ્યભવ સાર્થક કરી લેવા માટે
અત્યંત દુર્લભ ગુરુ-યોગ-પ્રાપ્ત મુમુક્ષુઓને

# ગુરુ-આજ્ઞા

અરે! આ તો તત્ત્વના નિર્ણયનો વિષય છે, તેમાં સમભાવે શાંતિથી વીતરાગી ચર્ચા કરીને નિર્ણય કરવો જોઈએ. તેમાં એકબીજાને ખોટા પાડવાની વાત ન હોય ભાઈ! કોઈની ભૂલ હોય તોપણ તેને બીજી રીતે સમજાવીને કહેવું જોઈએ. તેને દ્વેષી કલ્પીને કે વિરોધી કલ્પીને કહેવું એ કાંઈ સજ્જનતાની રીત છે? આ તો વીતરાગ માર્ગ છે ભાઈ! તેમાં તો શાંતિથી, ન્યાયથી જેમ હોય તેમ નિર્ણય કરવો જોઈએ અને જે સત્ય નીકળે તેને કબૂલવું જોઈએ. આમાં કોઈ પક્ષની વાત નથી.

--પૂજ્ય ગુરુદેવશ્રી, "હું પરમાત્મા", પાનું-૨૪૫

* બીજાની સાથે લડવું, જીતવું ને બીજાને બિચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે. આત્મામાં ઊતરવું એ શૂરવીરતા છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી [ દૃષ્ટિનાં નિધાન ]

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૨૯૦૦